## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, આમ તો લીંબુનો બાપદાદાનો ધંધો હતો... પણ આઈ.ટી.વાળાની બીકે... હવે શાકભાજી જ વેચું છું...!!

# ઉવારસદ-વાવોલ ચોકડી પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત : દિકરીનું મૃત્યુ

### ટીંટોડા થી ગરબા પ્રસંગ બાદ રાત્રે પીંપળજ જવા માટે પતિ, પત્નિ અને દિકરી બાઈક પર નીકળ્યા હતા

ગાંધીનગર, તા.૧૭

ટીંટોડા થી ગરબાના પ્રસંગ બાદ પીંપળજ જવા માટે નીકળેલા પરિવારને વાવોલ નજીક અકસ્માત નડ્યો હતો. વાવોલ-ઉવારસદ ચોકડી પાસે રાત્રીના એક વાગે કારે બાઈકને ટકકર મારી હતી.જેમાં બાઈક પર સવાર પતિ-પત્નિ અને દિકરી જમીન પર પટકાયા હતા. અકસ્માત બાદ કાર ચાલક નાસી ગયો હતો. બનાવમાં ત્રણેય ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.જયાં મોડી રાતે માથાના ભાગે ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન પુજાબેનનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે અરજણજી ઠાકોરે કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પીપળજ બાપુપુરા ખાતે રહેતા અરજણજી શકરાજી ઠાકોર (ઉં.૪૫) ના પરિવારમાં પત્ની, બે દિકરા અને એક દિકરી છે. જયારે ઘર વપરાશના ઉપયોગમાં માટે બાઈક છે. જયારે પીપળજ થી પત્ની અને દિકરી સાથે અરજણજી બાઈક લઈને ગરબા હોવાથી સાસરી ટીંટોડા ૬ વાગે પહોંચ્યા હતા. ત્યારબાદ ગરબાનો કાર્યક્રમ પુરો થઈ જતા અરજણજી બાઈક પર પત્ની અને દિકરીને બેસાડી રાત્રીના સાડા બાર વાગે ટીંટોડા થી પીંપળજ જવા માટે નીકળ્યા હતા. ત્યારે ઉવારસદ થી વાવોલ ચોકડી તરફ આવી રહેલી ગાડી નં.જી.જે.૦૨.એ.પી.-૨૮૮૫ ના ચાલકે કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારી હતી. જેમાં ત્રણેય જણા જમીન પર પટકાયા હતા. જેમાં સજનબેન અને પુજાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

જયારે ફરીયાદીને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. જયારે ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં મોડી રાત્રે પુજાબેનનું માથાના ભાગે ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. જયારે ફરીયાદીના પત્ની સજનબેનને અમદાવાદ વધુ સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સોનારડા પાટીયા પાસે રીક્ષા પલ્ટી ખાઈ જતા મહિલાનું મૃત્યુ

ગાંધીનગર,તા.૧૭

નરોડા થી દહેગામ માર્ગ પર સોનારડા ગામના પાટીયા પાસે સાયકલ સવારને ટકકર મારી લોડીંગ રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. જેથી રીક્ષાચાલક અને રીક્ષામાં સવાર મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા દહેગામ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા.જયાં મહિલાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૃત્યું થયુ હતું. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ધર્મેશકુમાર ચાવડાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ગોમતીપુર રાજપુર ટોલનાકા મગનકુંભારની ચાલી ખાતે રહેતા ૨૫ વર્ષિય ધર્મેશકુમાર મહેન્દ્રભાઈ ચાવડા છુટક મજુરી કરે છે અને માતા-પિતા સાથે રહે છે. જયારે ફરીયાદીના પિતા બિમાર છે.જયારે ફરીયાદીના મિત્ર સુભાષ મારવાડીની લોંડીગ રીક્ષા નં. જી.જે.૦૧.ડી.યુ.-૭૭૧૪ માં ધર્મેશના માતા ઉર્મિલા બેન પણ માલ સામાન હેરફેરની છુટક મજુરી કામ કરે છે. ગત રોજ સાંજના સવા પાંચ વાગ્યાના અરસામાં ફરીયાદી ઘરે હતા.તે સમયે સુભાષ મારવાડીનો ફોન આવ્યો હતો અને કહ્યું કે તુ દહેગામ એસટી ડેપો આવી જા. જેથી ફરીયાદીએ કેમ આવવા માટે પુછતા તેણે રાયપુર કેનાલ નજીક સોનારડા પાટીયા પાસે અકસ્માત થયો હોવાની વાત કરી હતી. જેથી ફરીયાદી તાત્કાલીક દહેગામ બસ સ્ટેન્ડ ખાતે આવતા સુભાષ મારવાડી ત્યાં આવી ગયો હતો અને હાથમાં ઈજા થઈ હોવાથી પાટો બાંધ્યો હતો. જયારે સુભાષ ફરીયાદીને દહેગામ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ આવતા જોયુ તો તેની માતા ઉર્મિલા બેન મરણ ગયા હતા. તે સમયે સુભાષે કહ્યું કે તારા મમ્મી અને હું ફેરાની મજુરી કરી નરોડા થી દહેગામ આવતા રોડ પર રાયપુર કેનાલ નજીક સોનારડા પાટીયા વચ્ચે અચાનક સાઈકલ ચાલક રોડ ક્રોસ કરવા જતા વચ્ચે આવી જતા તેને ટક્કર વાગી હતી. ત્યારબાદ લોડીંગ રીક્ષા પલ્ટી જતા ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી.જયારે ઉર્મિલાબેન અને સાયકલ ચાલકને ઈજા પહોંચી હતી.

## ચિલોડા ખાતે આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની ચોથી વર્ષગાંઠની ઊજવણી કરાઈ



ચિલોડા, તા. ૧૭

આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની ચોથી વર્ષગાંઠ નિમિત્તે ચિલોડા હેલ્થ અને વેલનેસ સેન્ટર ખાતે ચોથી વર્ષગાંઠની ઊજવણી પ્રસંગે ૧૬મી એપ્રિલે કેન્દ્ર સરકારે હેલ્થ અને વેલનેશ ટેલી કન્સલ્ટેશનના માધ્યમથી નિષ્ણાંતોની પરામર્શ સેવા ઉપલબ્ધ ઓનલાઈન મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. હેલ્થ અને વેલનેસ સેન્ટરની વર્ષગાંઠ ઉજવણી અંતર્ગત આરોગ્યકર્મી દ્વારા યોગ અને પ્રાણાયામ કર્યા. દેશના એક લાખ કરતાં વધુ હેલ્થ સેન્ટર વર્ચ્યુઅલી રીતે જોડાયા હતા. જેમાં ચિલોડા ગામના અગ્રણી અને પી.ચહેલાવી, નટુભાઈ પટેલ, ડૉ. કૌશલ નાયક, ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિ, અલ્પાબેન પટેલ, ફીમેલ હેલ્થ વર્કર, મીનાબેન વાળંદ, સુનિતા શર્મા, જયશ્રીબેન સોલંકી, તેમજ અન્ય આરોગ્યકર્મીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# શહેરમાં પ્રાથમિક શાળાઓમાં આજથી વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ

### ૧૮ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી પરીક્ષાનો માહોલ

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં પ્રાથમિક સ્કૂલોમાં ૧૮ એપ્રિલથી વાર્ષિક પરીક્ષા શરૂ થઈ રહી છે. તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક પરીક્ષા ૧૮ એપ્રિલથી પ્રારંભ થઈ રહી છે. અને ૨૮



એપ્રિલના રોજ પૂર્ણ થશે.

ધોરણ ૩ થી ૮ ની વાર્ષિક પરીક્ષામાં તમામ વિષયોમાં દ્વિતીય સત્રનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. સતત બે વર્ષ સુધી કોરોનાને કારણે વાર્ષિક પરીક્ષા યોજ્યા વિના જ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ છે જેથી આ વર્ષે એટલે કે ત્રીજા વર્ષે સ્કૂલોની વાર્ષિક પરીક્ષા યોજવા જઈ રહી છે. ધોરણ ૩ થી ૫ માં દરેક વિષયમાં ૪૦ માર્કસનું પેપર હેશે અને ૨ કલાકનો સમય આપવામાં આવશે.

ધોરણ-૬ થી ૮ માં ૮૦ માર્કસનું પેપર પૂછવામાં આવશે અને ૩ કલાકનો સમય આપવામાં આવશે. તમામ ધોરણની પરીક્ષા સવારે ૮ વગે શરૂ કરવામાં આવશે. ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયની સમાન કસોટીઓ અમલી કરવાની રહેશે. તારીખ ૧૮ થી ૨૮ એપ્રિલ દરમિયાન પ્રાથમિક શાળાની વાર્ષિક પરીક્ષા હોવાથી શહેરમાં પરીક્ષાનો માહોલ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીઓમાં રાત-દિવસ એક કરીને મહેનત કરી રહ્યા હતા જેનો આખરે અંત આવ્યો છે સતત બે વર્ષથી ઓનલાઈન શિક્ષણ અને અસ્તવ્યસ્ત શિક્ષણના કારણે વાલીઓ પણ પરેશાન બની ગયા હતા જેમાં હવે વાલીઓ પણ રાહતનો શ્વાસ લઈ રહ્યા છે અને વાલીઓ પોતાના બાળકોને પરીક્ષા માટે સાત્વના આપીને શાંતિપૂર્ણ પરીક્ષા આપે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે

# વાવોલ ગામ વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના કેસોને કારણે ચિંતાની સ્થિતિ

### છેલ્લાં બે ત્રણ દિવસથી ઝાડા-ઉલટીના કેસોમાં વધારો : કચરાવાળું પાણી આવવાને કારણે સમસ્યા સર્જાઇ હોવાનું ગ્રામજનોનું અનુમાન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં સમાવિષ્ટ વાવોલ ગામ વિસ્તારમાં છેલ્લાં બે ત્રણ દિવસથી ઝાડા-ઉલટીના કેસોમાં વધારો થતા સમગ્ર ગામમાં ચિંતાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે. વાવોલ ગામના તરપોજવાસ, દરબારવાસ, પટેલ વાસ સહિતના તથા રામજી મંદિર આસપાસના વિસ્તારમાં તેમજ બજાર વિસ્તારોમાં ઝાડાના કેસો ખૂબ જોવા મળી રહ્યાં છે જેના કારણે ગામમાં રોગચાળા જેવી સ્થિતિ સર્જાવા પામી છે. વાવોલમાં ઝાડાના કેસો વધવા પાછળ પીવાના પાણીમાં કચરો આવ્યો હોવાની શક્યતા જવાબદાર માનવામાં આવી રહી છે.

છેલ્લાં કેટલાંક દિવસથી વાવોલ ગામ વિસ્તારમાં ઘરે ઘરે શાળાના કેસો જોવા મળી રહ્યા છે અને વાવોલના દવાખાનાઓમાં પણ ઝાડાના દર્દીઓની લાઈનો જોવા મળી રહી છે. વાવોલ ગ્રામ વિસ્તારના લગભગ દર બીજા ત્રીજા ઘરે ઝાડાના કેસ જોવા મળી રહ્યા છે અને કેટલાક ઘરમાં તો બેથી ત્રણ વ્યક્તિઓને ઝાડા થયા હોવાના કિસ્સા હોવાનું જાણવામાં આવી રહ્યું છે. વાવોલના સોસાયટી વિસ્તારમાં અસર ઓછી છે પરંતુ કેટલીક સોસાયટીઓમાં પણ ઝાડાના કેસ જોવા મળી રહ્યાં છે.

પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા ત્રણ ચાર દિવસથી વાવોલ ગામના તરપોજવાસ, દરબારવાસ, નવા વાસ, પ્રજાપતિ વાસ, દરજી વાસ, પટેલ વાસ, ઠાકોર વાસ, દંતાણી વાસ સહિતના તથા રામજી મંદિર આસપાસના વિસ્તારમાં તેમજ બજાર વિસ્તારમાંથી વિસ્તારોમાં ઝાડાના કેસો ખૂબ જોવા મળી રહ્યાં છે અચાનક ઝાડાના કેસોમાં ઉછાળો આવ્યો છે અને ખાસ કરીને વાવોલના ગામ વિસ્તારમાં ઝાડાના કેસો વધુ જોવા મળી રહ્યા છે. ગામના કેટલાક જાણકાર વ્યક્તિઓના જણાવ્યાં અનુસાર છેલ્લાં કેટલાંક દિવસથી વાવોલ ગામમાં પીવાના પાણીમાં આવેલા પરિવર્તનને કારણે આ પરિસ્થિતી પેદા થઇ છે જોકે હજુ સુધી કોઈ કેસ ગંભીર કેસ પહોંચ્યો હોય તેવું થયું હોવાનું જાણવા નથી મળ્યું પરંતુ એકસાથે આટલા બધા ઝાડાના કેસોને કારણે ગામમાં ચિંતાનો માહોલ પ્રસરવા પામ્યો છે. સત્વરે વહીવટીતંત્રએ અને આરોગ્ય વિભાગે આ બાબતે તપાસ હાથ ધરીને ઝાડાનો રોગચાળો વકરતો અટકે તે માટે ઝડપથી યોગ્ય પગલાં ભરવા જરૂરી જણાઈ રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ૧૯મીએ આષુયના મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમનું સાંજે રિહર્સલ કરવામાં આવ્યુ હતું.
- જૂના સેક્ટરો અને જાહેર માર્ગો પર પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરીને લઈ ખાડાઓ ખોદાયા છે પણ તેનુ પુરાણ બરાબર થાય તે તંત્ર જુએ તેવી લોકજીભે ચર્ચા જાગી છે.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે મતદાર સાક્ષરતા કલબની પ્રથમ બેઠક મળશે.
- આજે રવિવાર અને લગ્નસરાની મોસમને પગલે ગરમીના પ્રકોપને લઈ આયોજકો દ્વિધા અનુભવતા જોવા મળ્યા હતા.
- મહાત્મા મંદિર તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જવાના હોવાથી આ સંકુલોને આજે સેનેટાઈઝ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં હવે ઉંદરોનો ઉપદ્રવ પણ નગરજનોને પરેશાન કરી રહ્યો છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા ૧૧ વોર્ડમાં આજે ટિફિન બેઠકનું આયોજન કરાયુ હતુ.
- ગુજરાત વિધાનસભા ખાતે આજથી ત્રિવિદવીસય ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે જેમાં ધારાસભ્યો, સાંસદો અને સનદી અધિકારીઓ તેમજ વિધાનસભા સચિવાલયના કર્મચારીઓ જોડાશે.
- ગાંધીનગર શહેરમાં દબાણોની સમસ્યા ફરી એકવાર ઉભરી આવી છે.
- સે. ૨૫ સ્થિત ગેઝીયામાં આજે અસંગઠિત શ્રમિકોનું સંમેલન યોજાયુ હતુ.




નાગરિકોના આરોગ્યની કરે દરકાર
ભારત અને ગુજરાતની સંવેદનશીલ સરકાર



આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે
તમામ તાલુકા મથકોએ
આરોગ્યમેળા યોજાશે





તા. ૧૮ થી તા. ૨૨ એપ્રિલ દરમિયાન દરેક તાલુકાઓને આવરી લેતા રાજ્યવ્યાપી આરોગ્યમેળાઓનું વિશિષ્ટ આયોજન

આ આરોગ્યમેળાના માધ્યમથી કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જન આરોગ્યલક્ષી જુદા-જુદા કાર્યક્રમો અને યોજનાઓ થકી લોકોને માહિતગાર કરવામાં આવશે

આ આરોગ્યમેળામાં લોકોને એક જ સ્થળેથી આરોગ્ય સેવાઓ અને જુદી જુદી આરોગ્યલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવશે

આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન હેઠળ યુનિક આઇ.ડી. કાર્ડ બનાવવામાં મદદ મળશે

ટી.બી. નિર્મૂલન કાર્યક્રમને સફળ બનાવવા માટે સઘન પ્રયાસો હાથ ધરાશે

જરૂરિયાતમંદ અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડની સુવિધા આપવામાં આવશે

પ્રાથમિક આરોગ્ય સંભાળ અને આરોગ્ય સેવાઓ થકી ઝડપી નિદાન, દવાઓ, ટેલિકન્સલ્ટેશન જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્ક્રીનિંગ સુવિધા આપવામાં આવશે

ચેપી તથા બિન-ચેપી રોગોના નિયંત્રણ માટે જરૂરી પગલાં લેવા અંગે લોકોને શિક્ષિત કરવામાં આવશે

આ આરોગ્યમેળામાં જે-તે મત વિભાગના સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી અને જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડશે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય